# ફ્રાંસમાં ભારે વિરોધ પ્રદર્શનો, એફિલ ટાવર બંધ કરવો પડ્યો



**પ્રદર્શનકારીઓ** નિવૃત્તિ વયમાં વધારો અને ધનિકો પર વધુ વેરો લાદવા સહિતની અન્ય માગ કરી રહ્યા છે

પેરીસ, તા. 3: અમેરિકા પછી, શટડાઉનની અસરો હવે ફ્રાન્સમાં પણ અનુભવાઈ રહી છે. બજેટમાં કાપ મૂક્યા બાદ ટ્રેડ યુનિયનોએ દેશવ્યાપી હડતાળ શરૂ કરી હતી, જેમાં લગભગ દસ લાખ લોકોએ કૂચ કરી હતી. પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ પર દબાણ વધારવા માટે આરોગ્ય કર્મચારીઓ પણ કૂચમાં જોડાયા હતા, પ્રદર્શનોના કારણે એફિલ ટાવર બંધ કરવાની ફરજ પડી હતી. બજેટમાં કાપ મૂક્યા બાદ ફ્રાન્સમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. દેશના લગભગ 200 શહેરોમાં લાખો વિદ્યાર્થીઓ, નાગરિકો, કર્મચારીઓ અને કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા. માર્ચ દી' ઈટાલી બાદ, સમગ્ર ફ્રાન્સમાં અશાંતિ ફેલાઈ ગઈ હતી અને ફ્રેન્ચ ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ આશરે 1,95,000 પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. કૂચ કરનારાઓ નિવૃત્તિ વયમાં વધારો અને ધનિકો પર વધુ વેરો લાદવાની માગ કરી રહ્યા છે. પેરિસમાં પ્રદર્શનકારીઓના મોટા ટોળાએ હંગામો મચાવ્યો હતો, બેનરો, પોસ્ટરો અને ફ્લેયર્સ લઈને અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. એફિલ ટાવર પર લખ્યું હતું કે હડતાળને કારણે ટાવર બંધ કરાયો છે, માફ કરશો. પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા કે ધનિકો પર વધુ વેરો લાદો અને જાહેર સેવાઓમાં કાપ મૂકવાનું બંધ કરો. ઉપરાંત, સરકારની 44 અબજ યુરો કાપની પ્રસ્તાવિત યોજનાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી હડતાળમાં ઘણા મોટા યુનિયનો સામેલ છે અને તેમની માગ છે કે પાછલી સરકારના બજેટ પ્રસ્તાવો સિવાય સામાજિક કલ્યાણ યોજનાઓ બંધ કરવામાં આવે અને ખર્ચમાં ઘટાડો કરવામાં આવે.

રવિવારની સાંજ સુધીમાં સંધિ નહીં કરે તો હમાસ માટે નરકના દ્વાર ખુલી જશે: ટ્રમ્પ

# હમાસને ટ્રમ્પનું રવિવાર સુધીનું અલ્ટીમેટમ

**બે વર્ષનો** સૌથી મોટો લશ્કરી હુમલો થઇ શકે છે

**હમાસના** કેટલાક લોકો હજી વધુ વાટાઘાટો ઇચ્છે છે

દૈર અલ-બલાહ(ગાઝા પટ્ટી), તા. ૩(એપી): અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે હમાસે રવિવાર સાંજ સુધીમાં પ્રસ્તાવિત શાંતિ કરાર માટે સંમત થવું જોઈએ નહીંતર બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધના સૌથી મોટા લશ્કરી હુમલાની ચેતવણી આપી હતી.

ટ્રમ્પ મંગળવારે હુમલાની બીજી વર્ષગાંઠ પહેલા યુદ્ધનો અંત લાવવા અને ડઝનબંધ બંધકોને પરત કરવાના વચનો પૂરા કરવા માટે ઉત્સુક દેખાય છે. તેમની શાંતિ યોજનાને ઈઝરાયલ દ્વારા સ્વીકારવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેનું સ્વાગત કરવામાં આવ્યું છે, પરંતુ મુખ્ય મધ્યસ્થીકર્તા ઈજિપ્ત અને કતાર, અને ઓછામાં ઓછા એક હમાસ અધિકારીએ જણાવ્યું છે કે કેટલાક તત્વો વધુ વાટાઘાટો ઇચ્છે છે. જો કે તેમણે આની વિસ્તૃત માહિતી આપી ન હતી.

વોશિંગ્ટન, ડી.સી. સમય મુજબ રવિવારે સાંજે 6 વાગ્યા સુધીમાં હમાસ સાથે કરાર થવો જોઈએ એમ ટ્રમ્પે શુક્રવારે સોશિયલ મીડિયા પર લખ્યું હતું. દરેક દેશે હસ્તાક્ષર કર્યા છે! જો આ છેલ્લી તકનો કરાર ન થાય, તો હમાસ સામે નરક ફાટી નીકળશે, જે કોઈએ પહેલાં ક્યારેય જોયું નથી. મધ્ય પૂર્વમાં એક યા બીજી રીતે શાંતિ સ્થપાશે. ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે મળીને જાહેર કરેલી યોજના હેઠળ, હમાસ બાકીના 48 બંધકોને તાત્કાલિક મુક્ત કરશે - જેમાંથી લગભગ 20 જીવંત હોવાનું માનવામાં આવે છે. તે સત્તા છોડી દેશે અને પોતાનું નિઃશસ્ત્રીકરણ પણ કરશે. બદલામાં, ઈઝરાયલ તેના આક્રમણને અટકાવશે અને મોટાભાગના પ્રદેશમાંથી દળો પાછા ખેંચશે, સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે અને માનવતાવાદી સહાય અને અંતિમ પુનર્નિર્માણના પ્રવાહને મંજૂરી આપશે.

ગાઝાની મોટાભાગની વસ્તીને અન્ય દેશોમાં સ્થાનાંતરિત કરવાની યોજનાઓને સ્થગિત કરવામાં આવશે. ૨૦ લાખ જેટલી વસ્તી ધરાવતા ગાઝાને હાલ આંતરરાષ્ટ્રીય વહીવટ હેઠળ મૂકવામાં આવશે.

## આજથી ચેક થોડા કલાકોમાં કલીયર થઇ જશે

નવી દિલ્હી, તા. ૩છ આરબીઆઈની નવી ગાઈડલાઈન મુજબ આવતીકાલથી તમામ બેંકોએ એક દિવસની અંદર ચેક ક્લિયર કરવો પડશે. આનાથી ચેક દ્વારા ચૂકવણી કરવી ઝડપી અને સરળ બનશે. હાલમાં, ચેક ક્લિયર થવામાં એકથી બે દિવસનો સમય લાગે છે.એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક સહિત ઘણી બેંકોએ તેમના ગ્રાહકોને આવતીકાલથી એક જ દિવસમાં ચેક ક્લિયર કરવાની જાણ કરી છે. નવી સિસ્ટમ હેઠળ, 4 ઓક્ટોબરથી જમા કરાવવામાં આવેલા ચેક તે જ દિવસે થોડા કલાકોમાં ક્લિયર થઇ જશે.

## ગાઝામાં શાંતિ માટેની ટ્રમ્પની યોજના અંગે પાકિસ્તાનની ગુલાંટ

**યોજનાને ટેકો આપવા બદલ અમેરિકી પ્રમુખે પાકિસ્તાનની પ્રશંસા કરી તેના થોડા જ દિવસમાં પાકિસ્તાને ફેરવી તોળ્યું**

ઇસ્લામાબાદ, ત. 3: પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડારે શુક્રવારે કહ્યું હતું કે ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાની યોજના હેઠળના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 20 મુદ્દાની યોજના મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોના જૂથ દ્વારા રજૂ કરાયેલા ડ્રાફ્ટ સાથે સુસંગત નથી. તેમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાને આક્ષેપ ડારે કર્યો હતો. પાકિસ્તાનની સંસદમાં ડારનું નિવેદન ટ્રમ્પ દ્વારા તેમની ગાઝા યોજનાને સમર્થન આપવા બદલ ઇસ્લામાબાદની પ્રશંસા કર્યાના થોડા દિવસો પછી આવ્યું છે. મેં સ્પષ્ટ કર્યું છે કે ટ્રમ્પે જાહેર કરેલા આ 20 મુદ્દા ... આપણા જેવા નથી. હું કહું છું કે તેમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે, જે મુસદ્દો અમારી પાસે હતો એમ રોઇટર્સે ડારને પાકિસ્તાની સાંસદોને આપેલી ટિપ્પણીમાં ટાંકીને કહ્યું. મુસ્લિમ દેશોના જૂથો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્લાન સાથે અગાઉ અમેરિકાએ સંમતિ દર્શાવી હતી પણ બાદમાં તેમાં ફેરફારો કરી નાખવામાં આવ્યા છે એ મુજબ ઇશાક ડારે કહ્યું હતું.


Sarvajanik Education Society
MTB College Campus, Athwalines, Surat
www.ses-surat.org

C.C. Shah Sarvajanik English High School
Pre-Primary / Primary

Admissions for Jr. K.G. / Sr. K.G. / Balvatika
(Academic Year 2026-2027)

Applications are invited for admission Jr. K.G. / Sr. K.G. / Balvatika English Medium (Boys & Girls) in the above Schools at the Experimental School Campus, Ambika Niketan, Athwalines, Surat.

Forms will be issued from 06/10/2025 onwards between 8.00 a.m. & 12.00 noon from the office.

CHILDREN WHO HAVE COMPLETED
4 Years on 31/05/2026 are eligible for Jr. K.G.
5 Years on 31/05/2026 are eligible for Sr. K.G.
6 Years on 31/05/2026 are eligible for Balvatika

For Std. I to VIII Forms will be issued as per availability of Seats.

DATE : 04/10/2025 Secretary


# મેઘાલયનો એક શખ્સ એકી સાથે દસ કિલો મરચા ખાઇ શકે છે!

**લાલ** મરચાના પાવડરથી પોતાના ગુપ્તાંગ પણ ધોય છે



મેઘાલયના ગાઢ જંગલો અને ટેકરીઓમાંથી એક અદ્ભુત વાર્તા બહાર આવી છે, જેણે સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું છે. પૂર્વ જૈંતિયા હિલ્સ જિલ્લાના બાટાવ ગામના એક સીધા સાદા ખેડૂત રામ પીર્તુહને તેમની અસાધારણ ક્ષમતાઓ માટે વિશ્વભરમાં ખ્યાતિ મળી છે.

રામનો એક જૂનો વિડીયો હાલમાં વાયરલ થયો છે જેમાં તે એક જ બેઠકમાં 10 કિલોગ્રામથી વધુ ગરમ સૂકા મરચાં ખાતા જોવા મળ્યો છે અને તે એક પણ આંસુ કે પરસેવો પાડ્યા વિના. વાયરલ પોસ્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે રામ કોઈ પ્રતિક્રિયા દર્શાવ્યા વિના લાલ મરચાના પાવડરથી પોતાના ગુપ્તાંગ પણ ધોવે છે. જ્યારે આ દાવાઓ વ્યાપકપણે ફેલાયા છે, ત્યારે તેમને સમર્થન આપવા માટે કોઈ ચકાસાયેલ પુરાવા નથી. તે સ્પષ્ટ નથી કે આ વાસ્તવિક વાર્તા છે કે ફક્ત એક અફવા. રામ પિર્તુહની અસામાન્ય પ્રતિભાને 2021માં પ્રસિદ્ધિ મળી જ્યારે એક સ્થાનિક વિડિઓમાં તેને મરચાંની થેલીઓ ખાતા દર્શાવવામાં આવ્યો હતો. 50ના દાયકાની વયના ખેડૂત એવા રામે કહ્યું, મરચાં મારા જીવનનો એક ભાગ છે. હું બાળપણથી જ તેને ખાઉં છું, અને હવે મને તે તીખું લાગતું નથી. જ્યારે તેની આઘાતજનક ક્ષમતા જાણીતી થઈ, ત્યારે ઘણા લોકોએ તેની કસોટી કરવાનું શરૂ કર્યું. એક શો દરમિયાન, તેને મરચાંની પેસ્ટથી નવડાવવામાં આવ્યો, અને તેના ગુપ્ત ભાગોની આસપાસ મરચાં પણ લગાવવામાં આવ્યા. આશ્ચર્યજનક રીતે, તેને કોઈ અગવડતા ન પડી.

# અમેરિકાના લોસ એન્જેલસની રિફાઈનરીમાં ધડાકા સાથે આગ



લોસ એન્જેલસ, તા. ૩: અહીં આવેલ એક ઓઈલ રિફાઈનરીમાં એક જંગી વિસ્ફોટ સાથે ભારે આગ ફાટી નિકળતા આખા શહેરમાં આઘાતના મોજાઓ ફેલાયા હતા. શહેરના એલ સેગુન્ડો વિસ્તારમાં આવેલી શેવરોન રિફાઇનરીમાં ધડાકા સાથે લાગેલી આ આગ શહેરમાં ચાર માઈલ દૂરથી પણ જોઈ શકાતી હતી. આ વિસ્ફોટ એલએએક્સ એરપોર્ટથી નજીકના વિસ્તારમાં જ થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમને કોઈ ઈજાના અહેવાલ મળ્યા નથી. શુક્રવારે વહેલી સવારે કોઈ સ્થળાંતર આદેશ આપવામાં આવ્યો ન હતો, પરંતુ રહેવાસીઓને ઘરની અંદર રહેવા અને તેમની બારીઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી. એલ સેગુન્ડો વસાહત LAX એરપોર્ટની દક્ષિણમાં સ્થિત છે. લોસ એન્જલસના મેયર કરેન બાસે પ્રવાસીઓને ખાતરી આપી હતી કે આંતરરાષ્ટ્રીય હબ પર 'કોઈ જાણીતી અસર' થઈ નથી. અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે હાલમાં કોઈ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ નથી.




## પુત્રીને ઓનલાઇન ગેમમાં નિર્વસ્ત્ર ફોટો મોકલવા કહેવાયું હતું: અક્ષય કુમાર

મુંબઈ, તા. 3 (પીટીઆઈ): બોલિવુડ અભિનેતા અક્ષય કુમારે શુક્રવારે જણાવ્યું હતું કે તેમની કિશોરવયની પુત્રીને તેના મોબાઇલ પર ઓનલાઇન વીડીયો ગેમ રમતી વખતે તેનો નિર્વસ્ત્ર ફોટો મોકલવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે હોંશિયારી દર્શાવી અને મોબાઈલ બંધ કર્યો હતો. અક્ષયે મુંબઈમાં સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સહિતના પ્રેક્ષકો સાો આ આંચકાજનક ઘટના શેર કરી હતી. અક્ષયે કહ્યું કે તેની પુત્રી થોડા મહિના પહેલા ઓનલાઈન વીડીયો ગેમ રમી રહી હતી, ત્યારે તેની સામે એક અજાણ્યો શખ્સ આવ્યો જેણે શરૂઆતમાં મૈત્રીપૂર્ણ અને પ્રોત્સાહક સંદેશા મોકલ્યા હતા. તે વ્યક્તિએ પછી અચાનક તેની પુત્રીને તેનો નિર્વસ્ત્ર ફોટો મોકલવા કહ્યું. હોંશિયારી દર્શાવતા, તેણે તરત જ મોબાઇલ ફોન બંધ કર્યો હતો, અને તેની માતાને આખો બનાવ જણાવ્યો હતો. અક્ષયે કહ્યું કે તેમની પુત્રીની સતર્કતાએ તેને સાયબર ગુનેગારોનો શિકાર બનતા બચાવી હતી.

## સેલ્ફી લેવા આવેલી યુવતીની હેમા માલિનીએ ઉપેક્ષા કરી



લખનઉ, તા. 3: પીઢ અભિનેત્રી અને ભાજપના સાંસદ હેમા માલિનીએ તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં એક નવરાત્રી કાર્યક્રમમાં હાજરી આપી હતી. જોકે, એક ચાહક જ્યારે તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહી હતી તે સમયે તેને નજરઅંદાજ કરવાનો એક વીડિયો વાયરલ થયા બાદ તેમની હાજરીએ વિવાદ ઉભો કર્યો હતો. આ ઘટના સામે આવતા સોશિયલ મીડિયા પર કેટલીક ટિપ્પણીઓ આવી હતી, કેટલાક નેટીઝન્સે તેમને ઘમંડી ગણાવ્યા છે અને તેમની સરખામણી સાથી પીઢ અભિનેત્રી જયા બચ્ચન સાથે કરી હતી. ચાહક દ્વારા શેર કરાયેલા વાયરલ વીડિયોમાં, હેમા માલિની આ કાર્યક્રમમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજરી આપી રહી છે. મહિલાએ પોતાનો ફોન પકડીને હેમા માલિનીને કેમેરામાં જોવા અને સેલ્ફી માટે સ્મિત કરવા કહ્યું. હેમાએ એક ક્ષણ માટે ફોન તરફ નજર નાખી પણ જવાબ આપ્યા વિના ઝડપથી ફરી ગઈ. પોસ્ટના ટિપ્પણી વિભાગમાં ઘણા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ આકરી પ્રતિક્રિયા આપી. 'હેમા માલિનીને ચાહકો સાથે ફોટા પાડવાની આટલી બધી સમસ્યાઓ હોય ત્યારે તે જાહેર કાર્યક્રમોમાં જવાના આમંત્રણો કેમ સ્વીકારે છે?'


सत्यमेव जयते
भारत सरकार


શ્રી નીતીશ કુમાર
મુખ્યમંત્રી, બિહાર

આદરણીય વડા પ્રધાન
શ્રી નરેન્દ્ર મોદી
ના હસ્તકે
આઈટીઆઈના ટોપર વિદ્યાર્થીઓનું કૌશલ દીક્ષાંત સમારંભમાં સન્માન
અને
શિક્ષા અને કૌશલ સાથે જોડાયેલી રૂ. 62,000+ કરોડની
યુવા કેન્દ્રીત યોજનાઓનું શુભારંભ/ઉદ્ઘાટન/શિલાન્યાસ/દેશને સમર્પણ


શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન

યુવાઓ માટે રાષ્ટ્રીય સ્તરની યોજનાઓ

રૂ. 60,000 કરોડની પીએમ-સેતુ (પ્રધાનમંત્રી સ્કિલીંગ એન્ડ એમ્પ્લોયેબિલીટી ટ્રાન્સફોર્મેશન થ્રુ અપગ્રેડ આઈટીઆઈ) યોજના હેઠળ 1,000 આઈટીઆઈનું ઉન્નયન જેમાં બિહારના પટના અને દરભંગા આઈટીઆઈ ક્લસ્ટર પર વિશેષ ફોકસ આપવામાં આવશે.

દેશભરના 400 નવોદય વિદ્યાલયો અને 200 એકલવ્ય આવાસીય વિદ્યાલયોમાં વ્યવસાયિક કૌશલ પ્રયોગશાળાઓ

સાથે જ બિહાર માટે અન્ય મુખ્ય યોજનાઓ અને પહેલ

પટના વિશ્વવિદ્યાલય, ભુપેન્દ્ર નારાયણ મંડળ વિશ્વવિદ્યાલય મધેપુરા, જયપ્રકાશ વિશ્વવિદ્યાલય, છપરા અને નાલંદા મુક્ત વિશ્વવિદ્યાલયમાં પીએમ-ઉષા હેઠળ એકડમિક બ્લોક્સ, છાત્રાવાસસ ભવનનું નવીનીકરણ જેવી નવી સુવિધાઓ.

બિહારના યોગ્ય યુવાઓને મુખ્યમંત્રી નિશ્ચય સ્વયં સહાયતા ભથ્થું યોજનાના નવા રૂપમ હેઠળ બે વર્ષો સુધી આર્થિક સહાયતાનો લાભ

જનનાયક કર્પૂરી ઠાકુર, કૌશલ વિશ્વવિદ્યાયલ, પટનાનું ઉદ્ઘાટન.

બિહારના વિદ્યાર્થીઓ માટે રીડિઝાઈન ક્રેડિટ કાર્ડ યોજના

એનઆઈટી પટનાના બિહટા કેમ્પસનું દેશને સમર્પણ

9મા અને 10મા ક્લાસના 25 લાખ વિદ્યાર્થીઓને ડીબીટી માધ્યમે છાત્રવૃત્તિ

યુવાઓને શિક્ષા અને રોજગારની તકો વધારવા માટે બિહારમાં યુવા આયોગ

બિહાર સરકારમાં પસંદગી કરાયેલા 4000થી વધુ યુવાઓને નિયુક્તિ પત્ર

પ્રતિષ્ઠીત હાજરી

શ્રી નીતીશ કુમાર
મુખ્યમંત્રી, બિહાર

શ્રી જુએલ ઓરામ
કેન્દ્રીય મંત્રી, જનજાતિય કાર્ય મંત્રાલય

શ્રી જયંત ચૌધરી
કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર)
કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય
અને કેન્દ્રીય રાજ્ય મંત્રી, શિક્ષા મંત્રાલય

ડો. સુકાંત મજૂમદાર
કેન્દ્રીય રાજ્ય મંત્રી, શિક્ષા મંત્રાલય
અને ઉત્તર-પૂર્વી ક્ષેત્ર વિકાસ મંત્રાલય

પ્લેનરી હોલ, વિજ્ઞાન ભવન, નવી દિલ્હી । 4 ઓક્ટોબર 2025 । 11 વાગ્યાથી

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ પર જોઈ શકો છો.

cbc 63101/13/0008/2526